| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪ | |
| --- | --- | --- |

નં જોડાણ/રા/ ૧૧૫૦/૨૦૧૮ તા. ૮-૬-૨૦૧૮

**સંદર્ભ** :- ઉચ્ચ શિક્ષણ કમિશનર ની કચેરી ના પત્ર ક્રમાંક :- ISC-7/
બી.એડ.એમ.એડ./૨૦૧૮/૧૮૦૦૦-૨૫ તા. ૧૪-૫-૨૦૧૮

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ઉચ્ચ શિક્ષણ કમિશનર ની કચેરી ના સંદર્ભ પત્રથી રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮ થી પ્રાથમિક શાળાઓના બાળકોની શૈક્ષણિક ગુણવતામાં સુધારો લાવવા માટે "મિશન વિદ્યા" કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ મૂલ્યાંકન કાર્ય માટે રાજ્ય ની બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની ફીલ્ડ ઇન્વેસ્ટીગેટર તરીકે પસંદગી કરવામાં આવનાર છે. જે યુનિવર્સિટી કાર્યક્ષેત્ર હેઠળ ની બી.એડ. અને એમ.એડ. સંસ્થાઓના પ્રથમ અને બીજા વર્ષમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની આ માહિતી નિયત પત્રક મુજબ જે તે જીલ્લાની જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ ) ને મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ અત્રેની યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે. જેની સર્વે નોંધ લેવા વિનંતી.

કુલસચિવ

બિડાણ :- સંદર્ભિત પત્ર

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ. અને એમ.એડ. કોલેજોના આચાર્યશ્રીઓ

નકલ સાદર રવાના:-

૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ...............

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :-

૧. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

૯૯૦૦૦ - ૨૧

**ખૂબ જ અગત્યનું**

ક્રમાંક:ISC-7/બી.એડ.એમ.એડ/૨૦૧૮/
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
૧૨/૨,ડા .જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર,તા.૧૪/૦૮/૧૮

પ્રતિ,
-રજીસ્ટ્રારશ્રી,
(૧) ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા,અમદાવાદ
(૨) એમ. એસ.યુનિવર્સિટી,વડોદરા
(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
(૪) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ
(૫) સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભવિધાનગર—આણંદ
(૬) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત
(૭) મહારાજ કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર
(૮) ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી,ભૂજ
(૯) ડા.બાબા સાહેબ આબંડેકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ
(૧૦) ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન, સેકટર—૧૫,ગાંધીનગર
(૧૧) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ
(૧૨) ચિલ્ડ્રન યુનિવર્સિટી, સેકટર—૨૦,ગાંધીનગર
(૧૩) ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(૧૪) શ્રી ગોવિંદ ગરૂ યુનિવર્સિટી,ગોધરા,

વિષય : " મિશન વિધા" કાર્યક્રમના મૂલ્યાંકન માટે રાજયની યુનિવર્સિટીઓની બી.એડ. અને એમ.એડ. સંસ્થાઓમાં થયે તાલીમાર્થીઓના પ્રવેશની આંકડાકીય માહિતી આપવા બાબત.

સંદર્ભ : ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરના તા.૮/૮/૧૮ ના પત્ર ક્રમાંક:જીસીઆરટી/સીએન્ડઈ/૨૦૧૮/ ૧૮૩૫૪

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, રાજય સરકાર ધ્વારા વર્ષ:૨૦૧૮ થી પ્રાથમિક શાળાઓના બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવા માટે " મિશન વિધા" કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે. જે અંતર્ગત રાજયની પ્રાથમિક શાળાઓમાં ધોરણ – ૬,૭ અને ૮ માં અભ્યાસ કરતાં વિધાર્થીઓનું મૂલ્યાકન કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ મૂલ્યાંકન કાર્ય માટે રાજયની બી.એડ.અને એમ.એડ. સંસ્થાઓમાં પ્રથમ અને બીજા વર્ષમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓની ફીલ્ડ ઈન્વેસ્ટીગેટર તરીકે પસંદગી કરવામા આવનાર છે. આ સંદર્ભે રાજયની તમામ યુનિવર્સિટીઓની બી.એડ. અને એમ.એડ. સંસ્થાઓમાં તાલીમાર્થીઓના પ્રવેશની આંકડાકીય માહિતી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ)ને આપવા માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર ધ્વારા સંદર્ભદર્શીત પત્રથી જણાવેલ છે.

ઉક્ત તમામ વિગતો ધ્યાને લેતા આપની યુનિવર્સિટી કાર્યક્ષેત્ર હેઠળની સંસ્થાઓમાં બી.એડ.અને એમ.એડ. સંસ્થાઓમાં પ્રથમ અને બીજા વર્ષમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓની આ માહિતી નિયત પત્રક મુજબ આપની યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર હેઠળના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયટ)ને આપવા વિનંતી છે.

નાયબ નિયામક
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના જાણ અને કાર્યવાહી કરવા સારૂ:—**
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ